For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

પોલીસ તંત્ર એક્શનમાં સુરક્ષાના ભાગરૂપે કોર્ટ અને શાળામાં ચકાસણી હાથ ધરવામાં આવી

દિવાળીપુરા કોર્ટ અને કેન્દ્રિય વિદ્યાલયને ઉડાવી દેવાની ધમકી

શિક્ષકને ઈન્ટરનેશનલ નંબરથી આવેલા વોટ્સએપનું ધમકીભર્યું લખાણ ઉર્દુમાં હોવાથી પાકિસ્તાન કનેક્શનની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરમા બોમ્બની ધમકી મળ્યાનું ભૂત ફરી ધૂણ્યું છે. દિવાળીપુરા કોર્ટ અને મકરપુરા સ્થિત કેન્દ્રિય વિદ્યાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યા મેસેજ મળતાં પોલીસ તંત્ર એકશન આવ્યું છે. ડોગ અને બોમ્બ સ્કવોડ દ્વારા કોર્ટ સંકુલમાં શોધખોળ હાથ ધરાઈ છે. સુરક્ષાના ભાગરૂપે તમામ વકીલો અને પક્ષકારોને કોર્ટમાં હાજર નહીં રહેવા અને તુરંત ખાલી કરવા માટે પણ વકીલ મંડળ દ્વારા અપીલ કરાઈ છે. વડોદરા શહેર અને જિલ્લામાં આવેલી 26 સ્કૂલ જેટલી સ્કૂલ અને દીવાળી પુરા કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ગર્ભિત ધમકી ભર્યા અલગ અલગ આઈડી પરથી મેલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મકરપુરા સ્થિત કેન્દ્રિય વિદ્યાલયના શિક્ષકને ઈન્ટરનેશન નંબરથી વોટ્સ પર ઉર્દુમાં સ્કૂલને બોંબથી ઉડાવી દેવાનો મેસેજ આવ્યો હતો. જેના પગલે ઉચ્ચ અધિકારીઓ સહિત ,બોમ્બ અને ડોગ સ્કવોડ સહિત સમગ્ર પોલીસ તંત્ર એક્શમાં આવી ગયું હતું.પોલીસ દ્વારા વિવિધ જગ્યા પર ચેકીંગ કરવામાં આવ્યું હતું પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ કે પદાર્થ મળી આવ્યો ન હતો. જેના પગલે પોલીસ તંત્રે હાશકારો અનુભવ્યો હતો અને સહેજ રાહત અનુભવી હતી. ત્યાંતો તો ફરી જેવી હોળી અને ધુળેટીનો તહેવાર પૂર્ણ થયો કે તેના બીજા જ દિવસે ફરીવાર દીવાળી કોર્ટમાં બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યો હોવાનો ગર્ભિત ધમકી ભર્યો મેલ મળતા ચકચાર મચી જવા પામી છે. સ્થાનિક પોલીસ સહિત એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, બોમ્બ અને ડોગ સ્કવોડ તેમજ ઉચ્ચ અધિકારી તુરત સ્થળ પર દોડી આવ્યા હતા અને કોર્ટ સંકુલમાં બોમ્બ શોધવાની કાર્યવાહિ હાથ ધરવામાં આવી છે.

છેલ્લા 16 દિવસમાં વડોદરા શહેર જિલ્લામાં થઇને 29મી બોંબની ધમકી

વડોદરા શહેર જિલ્લાના અલગ અલગ શાળાઓમાં મેલથી સંકુલમાં આરડીએક્સ પ્લાન કરવામાં આવ્યો હોવાની તાજેતરમાં 27 જેટલી ધમકી મળી હતી. પરંતુ વડોદરા સાઇબર ક્રાઇમ દ્વારા એક પણ આરોપીનું સુધી પહોંચી શકી નથી. ત્યારે વધૂ એકવાર દિવાળીપુરા ખાતે આવેલા ન્યાયમંદિરને ઉડાવી દેવાની ધમકી ભર્યો મેલ મળતા છેલ્લા 16 દિવસમાં બોમ્બની ધમકીનો 28 મો મેલ મળતા સાઇબર ક્રાઇમ દ્વારા તેની ઘનિષ્ઠ તપાસ કરાઇ રહી છે.

કોર્ટમાંથી કોઇ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી

બોમ્બ મુકવામાં આવ્યો હોવાનો મેલ મળતાની સાથે પોલીસ વિભાગ દ્વારા કોર્ટ બિલ્ડિંગની તપાસ કરાઇ હતી. કોર્ટ સંકુલના તપાસ કરાઇ હતી. કોર્ટમાં તમામ કાર્યવાહી કરાઇ હતી. પક્ષકારો સહિતના લોકો હજારોની સંખ્યા આવતા હોય છે જે ખુબ ચિંતાનો વિષય છે ત્યારે કોઇ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

બંને ઇજાગ્રસ્તોને આઠ-આઠ ટાંકા આવ્યા

ધુળેટીમાં રંગ લગાવવાની અદાવત રાખી યુવક અને પોલીસ કર્મી પર ચાકુથી હુમલો

ત્રિપુટી મિત્રને માર મારતા હોય પોલીસ મિત્ર સહિત પિતરાઈ છોડાવવા પડ્યા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરના સમા વિસ્તારમાં આવેલા જોયેલ નગરમાં રહેતા આશિષ અશોકભાઈ અગ્રવાલ મૂળ રાજસ્થાનના છે. હોળીનો તહેવાર હોવાથી તેઓ પિતરાઈ ભાઈ રાહુલ અગ્રવાલના ઘરે હોળી-ધુળેટીનો તહેવાર ઉજવવા માટે આવ્યા હતા. 4 માર્ચના રોજ ધુળેટીનો તહેવાર હોવાથી બપોરે આશરે ત્રણ વાગ્યે આશિષ અગ્રવાલ તેમના પિતરાઈ ભાઈ રાહુલ સાથે ધુળેટી રમવા માટે તેના મિત્ર પોલીસ કર્મી કુલદીપદાન ગઢવી અને નીશીત પરમાર સાથે રાહુલની કાર લઈ નીકળ્યા હતા. ધુળેટી રમતા રમતા તેઓ તેમના પિતરાઈ ભાઈના મિત્ર વિઠલભાઈ ભરવાડની ઓફિસે, જે હુલ્લડિયા હનુમાન મંદિર સામે સંજયનગર વિસ્તારમાં આવેલી છે, ત્યાં વિઠલ ભરવાડને રંગ લગાડવા માટે ગયા હતા. ત્યારે કુલદીપદાન ગઢવી કારમાં બેઠેલા હતા.

તે દરમિયાન યુવકના ભાઈના મિત્ર અનુજ ભદોરિયા તેમના અન્ય મિત્રો સાથે ત્યાં આવી પહોંચ્યા હતા. ત્યારબાદ રાહુલ અગ્રવાલ અનુજ ભદોરિયાને રંગ લગાડવા માટે ગયા હતા. ત્યારે રંગ લગાડવાની બાબતે અનુજ ભદોરિયા રાહુલને ગાળો બોલવા લાગ્યો હતો અને તે નશાની હાલતમાં લાગતો હતો. ત્યારબાદ આશિષ સહિતના મિત્રો નાસ્તો કરવા માટે સમા સાવલી પર પિઝા પાર્સલ કરાવવા માટે ઉભા હતા. દરમિયાન અનુજ ભદોરિયાએ રાહુલ અગ્રવાલને ફોન કરીને "તું ક્યાં છે?" એમ પૂછતાં રાહુલે સમા-સાવલી રોડ પર હોવાનો જવાબ આપ્યો હતો. સમગ્ર ઘટનામાં મામલો બિચકતા આશિષ અગ્રવાલ અને પોલીસ કર્મી કુલદીપદાન ગઢવીને ઘા વાગતા ટાંકા આવ્યા હતા. આ બનાવ અંગે આશિષ અગ્રવાલે સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે હુમલાખોર ત્રિપુટીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

લેખિત પરીક્ષાનું મટીરીયલ લેવા ગયેલા પોલીસ મિત્રે દરવાજો તોડી જોતા મહિલા કર્મી લટકતા હતા

મહિલા હેડ કોન્સ્ટેબલનો ગળે ફાંસો ખાઈ આપઘાત, આત્મહત્યાનું કારણ અકબંધ

મૃતક પ્રિયંકા પ્રજાપતિનો મૃતદેહ પોસ્ટમોટમ અર્થે સયાજી હોસ્પિટલ ખસેડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.5

કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા 28 વર્ષીય હેડ કોન્સ્ટેબલ મહિલા કર્મચારીએ પોતાના રૂમમાં અગમ્ય કારણોસર પંખા સાથે ઓઢણીનો ગાળિયો બનાવીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઇ છે. મહિલા કર્મચારીએ તાજેતરમાં જ પી.એસ.આઇ ગ્રાઉન્ડ પરીક્ષા પાસ કરી હતી. લેખિત પરીક્ષાના મટીરીયલ લેવા માટે પોલીસ મિત્ર ત્યાં ગઈ હતી ત્યારે દરવાજો નહીં ખુલતા ઘટના બાબતે જાણ થઈ હતી. બાપોદ પોલીસે લાશને નીચે ઉતારી પીએમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં આવેલી શિવાનંદ સોસાયટીમાં રહેતી અને કપૂરાઈ પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી 28 વર્ષીય પ્રિયંકા પ્રજાપતિનો અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. હાલમાં જ મૃતક પ્રિયંકા પ્રજાપતિએ પીએસઆઈની ગ્રાઉન્ડ પરીક્ષા પાસ કરી હતી અને લેખિત પરીક્ષાની તૈયારી માટે 10 દિવસની રજા પર ઉતર્યા હતા. ત્યારે ધૂળેટીની રાત્રીનાં સમયે લગભગ 11થી 11:30 વાગ્યાની આસપાસ લેખિત પરીક્ષાનું મટીરીયલ આપવા એક મિત્ર ગઈ હતી. એક પોલીસ મિત્રે દરવાજો ખખડાવ્યો હતો પરંતુ અંદરથી કોઈ પ્રત્યુતર મળ્યો ન હતો અને દરવાજો નહીં ખોલતા ન હતા. જેથી દરવાજો તોડી અંદર જોયું તો પ્રિયંકા પ્રજાપતિ પંખા પર ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતા બાપોદ પોલીસ મથકની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મૃતક પ્રિયંકા પ્રજાપતિનો મૃતદેહ પોસ્ટમોટમ અર્થે સયાજી હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં પોસ્ટ મોર્ટમબાદ મૃતક પ્રિયંકા પ્રજાપતિને સાથી પોલીસ કર્મચારીઓએ ફૂલહાર કરી વિદાય આપી હતી.

99 ઉમેદવારોના ભાવિનો ફેસલો બેલેટ બોક્સમાં સીલ થશે

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં શહેરમાં 4713 મતદારો

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં વડોદરા શહેરના 4700 થી વધુ વકીલો ઉમેદવારોના ભાવીનો ફેંસલો કરશે. ગુજરાતની કાયદાકીય જગતની સર્વોચ્ચ સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની પ્રતિષ્ઠા ભરી ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા હાથ ધરાશે.

વડોદરાના વકીલોમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીને લઈને ઉત્સાહ અને રસાકસીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ચૂંટણી વડોદરાના ન્યાય મંદિર કોર્ટ ખાતે આવેલ ન્યુ એડવોકેટ હાઉસમાં યોજાશે. મતદાન મથકને આધુનિક સુવિધાઓ અને ચુસ્ત સુરક્ષા સાથે સજ્જ કરવામાં આવ્યું છે. મતદારોની સગવડ માટે અલગ અલગ ટેબલ વાઈઝ બુથ વ્યવસ્થા ઉભી કરાઈ છે. કુલ 4713 મતદારો 99 ઉમેદવારોને મત આપશે. આ ચૂંટણીમાં મતદાન કરવાની પદ્ધતિ અન્ય સામાન્ય ચૂંટણી કરતા અલગ છે. મતદારે પોતાની પસંદગી મુજબ એકથી 23 ક્રમાંક આપવાના રહેશે. આ માટે વડોદરાના વકીલ મંડળ દ્વારા છેલ્લા ઘણા દિવસોથી મતદારોમાં જાગૃતિ અભિયાન અને પ્રચાર કરવામાં આવ્યો હતો. શુક્રવારે સવારથી જ વડોદરાના હજારો વકીલો ન્યુ એડવોકેટ હાઉસ ખાતે ઉમટી પડશે અને 99 ઉમેદવારોના ભાવિનો ફેસલો બેલેટ બોક્સમાં સીલ થશે. સવારે દસ થી લઈને સાંજના છ કલાક સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

કોન્સેપ્ટ સારી રીતે ક્લિયર કરનાર વિદ્યાર્થીને પેપર વધારે સરળ લાગ્યું

CBSE અને ગુજરાત બોર્ડ ધો.12નું મનોવિજ્ઞાનનું પેપર મધ્યમ નીકળ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

સીબીએસઈ બોર્ડની સાથે સાથે ગુજરાત બોર્ડની પણ પરીક્ષાઓ ચાલી રહી છે. ગુરુવારે ધોરણ 12 સીબીએસઈમા મનોવિજ્ઞાનનું પેપર હતું. આજનું પેપર સરળ તથા કોન્સેપ્ટચ્યોલ હતું. એજ્યુકેશન એક્સપર્ટ નિરવભાઈ મહેન્દ્રભાઈ જોષીએ જણાવ્યું કે, ઘણા વિદ્યાર્થીને આ પેપર મોડરેટર પણ લાગ્યું, પણ સૌથી વધારે મુશ્કેલી ટાઈમ મેનેજમેન્ટ કરવામાં પડી હતી. મનોવિજ્ઞાન વિષયમાં કેહવાય છે કે, અનુરૂપતા એટલે કાલ્પનિક અથવા વાસ્તવિક જૂથ દબાણને કારણે વર્તનમાં ફેરફાર. આજના પેપરમાં 14 MCQ હતા તથા આ MCQ સરળ તથા કોન્સેપ્ટચ્યોલ હતા. ઘણા વિદ્યાર્થીને આ પેપર વધારે લેંધી પણ લાગ્યું હતું. જ્યારે જે વિદ્યાર્થીએ કોન્સેપ્ટ સારી રીતે કલીયર કર્યા હતા તેવાને આ પેપર વધારે સરળ લાગ્યું હતું.

આ પેપરમાં એનડલર અને પાર્કરની 3 કોપીગ સ્ટ્રેટેજીસ પુછવામાં આવ્યું હતું. કોન્સેપ્ટ ઓફ બુધ્ધી અને ઈન્ટેલિજન્સ ઈન ઈન્ડિયન ટ્રેડીશન પર 4 માર્કસમાં પ્રશ્ન પૂછ્યો હતો. કેટેગરી એકોરડીનગ ટુ આઈકયુ રેન્જ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. ઓવર ઓલ પેપરને જોઈએ તો આ પેપર કોન્સેપ્ટચયોલ અને અમુકને લેંધી લાગ્યું હોવાથી અમુક પેપર પુરે પુરૂ લખી શક્યા નથી. જેથી પેપરમાં અમુક પ્રશ્નો છુટી ગયા હતા. આ પેપરમાં વિદ્યાર્થીઓને પણ જવાબ લખવામાં મજા પડી હતી. ઓવર ઓલ આજનું આ પેપર સરળ તથા કોન્સેપ્ટચયોલ હતું.

યોગ અને વિજ્ઞાનના પ્રશ્નોમા આધ્યાત્મિકતાથી આધુનિકતા પર ભાર મુકવામાં આવ્યો

મનોવિજ્ઞાનના પેપરમાં સરળ પ્રશ્ન પૂછાયા હતા. ધોરણ 12 આર્ટસનું આજે મનોવિજ્ઞાનનું પેપર હતું. જે ઘણું જ સરળ હતું. પ્રયોગો અને કસોટીઓના પ્રશ્ન પણ ઘણા સરળ પૂછવામાં આવ્યા હતા. જેથી કરીને વિદ્યાર્થીઓને લખવામાં મજા આવી હતી. ફક્ત સેક્શન B માં અમુક પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પૂછવામાં આવ્યા હતા. તેમ છતાં સેક્શન A, C, D અને E ઘણા સરળ પૂછાતા એકંદરે વિદ્યાર્થીઓ ઉત્સાહિત હતા. પાઠ્યપુસ્તક આધારિત આખું પેપર પૂછવામાં આવ્યું હતું. મહત્વનું છે કે આ વખતે યોગ અને વિજ્ઞાનના પ્રશ્નોમા આધ્યાત્મિકતાથી આધુનિકતા પર ભાર મુકવામાં આવ્યો હતો. : રવિ વઢવાણા,એજ્યુકેશન એક્સપર્ટ

16 માર્ચે વધુ સુનાવણી કરાશે

બીસીએની ચૂંટણીના પરિણામ પર ફરી બ્રેક વાગી

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીનું પરિમાણ હજીપણ અસમંજસ ભરી સ્થિતિમાં મુકાયું છે. અગાઉ બે વખત સુનાવણી બાદ ત્રીજી વખત થયેલી સુનાવણીમાં ચુકાદા માટે વધુ સમયની જરૂર હોય કોર્ટ આ નિર્ણય અંગે વધુ સુનાવણી 16 માર્ચના રોજ કરશે. ત્યાં સુધી હાલની કમિટી કાર્યરત રહેશે તેમ જણાવ્યું હતું.

વિવાદોના વંટોળમાં ઘેરાયેલી રસુકદારોની કહેવાતી મંડળી બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીના પરિણામ પર સતત ત્રીજી વખત હાઇકોર્ટે બ્રેક મારી છે. અગાઉ તારીખ પર તારીખ અપાયા બાદ ગુરુવારે થયેલી સુનાવણીમાં આગામી 16 માર્ચના રોજ વધુ સુનાવણી કરવામાં આવશેનો નિર્ણય લેવાયો હતો. બરોડા ક્રિકેટ એસોસિએશન ની ચૂંટણીમાં 2000 જેટલા મતદારો પૈકી 1400 જેટલા મતદારોએ આ વખતની ચૂંટણીમાં મતદાન કર્યું હતું જે રેકોર્ડ બ્રેક રહ્યું હતું. જોકે, મત આપ્યા બાદ પ્રતીક્ષા હતી ગુજરાત હાઇકોર્ટના ચુકાદાની. જસ્ટીસ નિરલ મહેતાની કોર્ટમાં ચુકાદાની તારીખ ગુરુવારે નક્કી હતી.

પરંતુ એકાએક આ તારીખ હવે 16 મી પર ફિક્સ કરવામાં આવી છે. કોર્ટે ચુકાદા માટે હજી વધુ સમયની જરૂર હોવાનું જણાવી તારીખ પાંચની જગ્યાએ 16 માર્ચ રાખવામાં આવી છે. જોકે, ચુકાદો 16મીના રોજ આવશે કે નહીં તે અંગે પણ મત મતાંતર છે.

વહીવટી અનિયમિતતાઓ અને વહીવટ સામે સહકાર વિભાગની આકરી કાર્યવાહીથી માંધાતાઓમાં દોડધામ

બરોડા ડેરીના વહીવટ પર નિયામક મંડળને કલમ 76(B) ની નોટિસ ફટકારાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા જિલ્લાની સહકારી ક્ષેત્રની કરોડરજ્જુ ગણાતી અને શ્વેત ક્રાંતિનું પ્રતીક એવી 'બરોડા ડેરી' (વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ) અત્યારે વિવાદોના વમળમાં ફસાઈ છે. સહકાર વિભાગ દ્વારા ડેરીના નિયામક મંડળ વિરુદ્ધ કાયદાકીય સકંજો કસવામાં આવતા સહકારી રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે. આગામી ચૂંટણીઓ પૂર્વે જ લેવાયેલા આ આકરા પગલાને કારણે ડેરીના સત્તાધારી પક્ષમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સહકાર વિભાગે ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ 76(B) હેઠળ નિયામક મંડળને કારણદર્શક નોટિસ ફટકારી છે. આ નોટિસના પાયામાં ભૂતકાળમાં ડેરી દ્વારા કરવામાં આવેલા કરોડો રૂપિયાના બેફામ ખર્ચ અને વહીવટી પ્રક્રિયામાં રાખવામાં આવેલી ગંભીર અનિયમિતતાઓ રહેલી છે.

તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે ડેરીના વહીવટમાં અમુક એવા નાણાકીય નિર્ણયો લેવામાં આવ્યા હતા જેના કારણે સંસ્થાની તિજોરી પર મોટું ભારણ આવ્યું હતું. સહકાર વિભાગે આ નોટિસમાં સ્પષ્ટ કર્યું છે કે આ ખર્ચાઓ પાછળ બોર્ડના સભ્યોની સીધી જવાબદારી બને છે.

બરોડા ડેરીની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે જ આ નોટિસ આવતા તેને રાજકીય દ્રષ્ટિએ અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે. ડેરીના સત્તાધારી જૂથ અને વિરોધ પક્ષો વચ્ચે અત્યારથી જ શાબ્દિક યુદ્ધ શરૂ થઈ ગયું છે. વિરોધ પક્ષો આ મુદ્દાને પશુપાલકોના હિત સાથે જોડીને સત્તાધારી પેનલને ઘેરવાની રણનીતિ બનાવી રહ્યા છે. બીજી તરફ, ડેરીના માંધાતાઓ આ મામલે કાયદાકીય લડત આપવા માટે તૈયારી કરી રહ્યા છે.

"આ નોટિસને પગલે સહકારી ક્ષેત્રના રાજકારણમાં ભારે ચર્ચાઓ જાગી છે. હવે જોવાનું એ રહેશે કે નિયામક મંડળ સહકાર વિભાગને કેવો અને ક્યારે ખુલાસો આપે છે."

નોટિસના મુખ્ય અંશ અને ગંભીરતા

નાણાકીય ગેરરીતિ: કરોડો રૂપિયાના ખર્ચ કરવા પાછળના ઠોસ કારણો અને પુરાવા શું છે?

વહીવટી ક્ષતિ: શું આ ખર્ચ મંજૂર કરતી વખતે નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું?

હોદ્દા પરથી દૂર કરવાની જોગવાઈ: કલમ 76(B) અત્યંત ગંભીર ગણાય છે, કારણ કે તેમાં જો સભ્યો સંતોષકારક જવાબ ન આપી શકે, તો તેમને હોદ્દા પરથી દૂર કરવા તેમજ ભવિષ્યમાં ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકવા સુધીની કડક જોગવાઈઓ છે.

ફતેપુરામાં ધુળેટીના દિવસે જુના ઝઘડાની અદાવતનો ખાર કાઢ્યો

એકબીજાને જાનથી મારી નાખવાની ધમકી,સામસામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

કિશનવાડી વિસ્તારમાં આવેલી શેરડીનગર સોસાયટીમાં રહેતા ભીખાભાઇ ભલાભાઇ રાજપૂતે નોંધાવેલી ફરિયાદ મુજબ ગત 4 માર્ચના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં તેમનો ભત્રીજો લખન કનુ રાજપૂત તેમના બહેનને મળવા માટે ગયો હતો. ત્યારે અજય ઉર્ફે ટપાલી દિપક મારવાડી, પ્રકાશ ઉર્ફે લલ્લુ દિપક મારવાડી તથા અંકિત મારવાડીએ તેની સાથે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી જણાવ્યું હતુ કે તારા કાકા તે દિવસે કેમ બહુ કુદતા હતા બોલા તેને બતાવીએ તેમ કહીને ઝઘડો કર્યો હતો. જેથી તેણે કાકાને ફોન કરી જાણ કરતા તેઓ અને તોના ઘરના સભ્યો સાથે રિક્ષા લઈને આવ્યાં હતા ત્યારે ત્રણ આરોપીઓ હાથમાં તલવાર લઇ ધસી આવ્યાં હતા ત્યારબાદ રિક્ષા પર પથ્થર મારો કર્યો હતો અને કાચ તોડી નાખ્યાં હતા. ઉપરાંત અજય તથા પ્રકાશ અને કરણ મારવાડીએ લાકીડઓ તથા પથ્થોરથી હુમલો કર્યો હતો. ઉપરાંત હુમલાખોરો તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સામા પક્ષના પ્રેમપ્રકાશ મારવાડીએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેમની પત્ની 11 માસની દીકરી હેમાંગી લઈને તેઓના ભાઇ અજય ઉર્ફે ટપાલી સાથે ધૂળેટી રમતા હતા. ત્યારે ભીખા રાજપૂ, રિન્કેશ રાજપૂત, કનુ રાજપુત અને કાજલ રાજપૂતે રિક્ષામા આવી તેમની સાથે ઝઘડો કર્યાં બાદ પથ્થરોથી હુમલો કર્યો હતો. ત્યારબાદ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

રોડ, ડ્રેનેજ અને પાણી પુરવઠા સહિત 15થી વધુ વિભાગોના પડતર કામોનો એક ઝાટકે નિકાલ કરવાની તૈયારી

VMCના વર્તમાન શાસકોની અંતિમ ઈનિંગ, એક જ બેઠકમાં રૂ. 60 કરોડના વિકાસકામો રજૂ

શુક્રવારે મળનારી આ બેઠક વર્તમાન બોર્ડની સંભવિત અંતિમ બેઠક માનવામાં આવે છે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તાધારી પક્ષના વર્તમાન બોર્ડની મુદત આગામી 9 માર્ચના રોજ પૂર્ણ થઈ રહી છે. ચૂંટણીની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે વહીવટી તંત્ર અને સત્તા પક્ષ દ્વારા બાકી રહેલા વિકાસકામોને આખરી ઓપ આપવા માટે ભારે ઉતાવળ જોવા મળી રહી છે. આગામી 6 માર્ચના રોજ મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા એકસાથે રૂપિયા 60 કરોડના વિવિધ વિકાસકામોના દરખાસ્તો રજૂ કરવામાં આવી છે. આગામી શુક્રવારે મળનારી આ બેઠક વર્તમાન બોર્ડની સંભવિત અંતિમ બેઠક માનવામાં આવે છે. જોકે, કમિશનર ઈચ્છે તો 9 માર્ચના રોજ પણ વધારાની બેઠક બોલાવી શકે છે, પરંતુ હાલનું ચિત્ર જોતા 6 તારીખની બેઠક જ નિર્ણાયક સાબિત થશે. રજૂ કરવામાં આવેલી દરખાસ્તોમાં સૌથી વધુ ભાર વાર્ષિક ઈજારા પર મૂકવામાં આવ્યો છે, જેથી નવા બોર્ડની રચના સુધી પાયાની સુવિધાઓના કામો અટકે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુદત પૂરી થતી હોવાથી વિરોધ પક્ષના કોઈ અવરોધ વગર અને જનતાની સુખાકારીના નામે સત્તા પક્ષ આ તમામ કામોને એક ઝાટકે મંજૂરી આપી દે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ બેઠક બાદ કોર્પોરેશનમાં વહીવટદાર શાસન આવે કે ચૂંટણી જાહેર થાય તે પહેલાં તમામ મહત્વના ટેન્ડરો અને ઈજારા પૂર્ણ કરી લેવાની મથામણ ચાલી રહી છે. જો 9 માર્ચના રોજ હજુ વધુ પડતર કામો હશે, તો કમિશનર દ્વારા અંતિમ દિવસે વધારાની બેઠક બોલાવવાનો વિકલ્પ પણ ખુલ્લો રાખવામાં આવ્યો છે.

ક્યા વિભાગમાં કેટલા કરોડના કામો રજૂ થયા?

કુલ 60 કરોડના કામોમાં શહેરના લગભગ તમામ પાયાના વિભાગોને આવરી લેવામાં આવ્યા છેઃ રોડ અને બ્રિજઃ રોડ પ્રોજેક્ટ્સ માટે રૂ. 9.03 કરોડ અને બ્રિજ શાખા માટે રૂ. 3.49 કરોડ.

પાણી અને ડ્રેનેજઃ વરસાદી ગટર (રૂ. 9.43 કરોડ), ડ્રેનેજ અને વરસાદી શાખા (રૂ. 7.09 કરોડ), પાણી પુરવઠા વિભાગ (રૂ. 2.04 કરોડ).

બિલ્ડિંગ અને ગાર્ડનઃ બિલ્ડિંગ શાખા માટે રૂ. 7.7 કરોડ અને ગાર્ડન વિભાગ માટે રૂ. 1.20 કરોડ.

અન્ય મહત્વના કામોઃ ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ સેલ (રૂ. 6.34 કરોડ), સ્ટ્રીટ લાઈટ (રૂ. 4.73 કરોડ), અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (રૂ. 4.38 કરોડ).

ડભોઈ સ્ટેશન પર એન્જિનિયરિંગ કાર્ય, કેટલીક ટ્રેનો રદ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગના ડભોઈ સ્ટેશન પર નવા ફૂટ ઓવરબ્રિજ (FOB) ના ગર્ડર લોકાર્પણ માટે એન્જિનિયરિંગ બ્લોક લાદવામાં આવશે. આ બ્લોકને કારણે, 7 અને 8 માર્ચ, 2026 ના રોજ કેટલીક ટ્રેનો રદ કરવામાં આવશે. સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નં. 69203 પ્રતાપનગર - એકતાનગર MEMU ટ્રેન 7 માર્ચ અને 8 માર્ચના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 69204 એકતાનગર - પ્રતાપનગર MEMU ટ્રેન 7 માર્ચ અને 8 માર્ચના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 59122 છોટાઉદેપુર - પ્રતાપનગર પેસેન્જર ટ્રેન 7 માર્ચ અને 8 માર્ચના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 59125 પ્રતાપનગર - છોટાઉદેપુર પેસેન્જર ટ્રેન 7 માર્ચ અને 8 માર્ચના રોજ રદ કરવામાં આવશે. રેલવે મુસાફરોને મુસાફરી કરતી વખતે ઉપરોક્ત ફેરફારો ધ્યાનમાં રાખવા વિનંતી છે.

વર્ક ઓર્ડરના છ મહિના બાદ તંત્ર સફાળું જાગ્યું

વિશ્વામિત્રીના કાંઠે 35.77 કરોડના ખર્ચે 24 લોકેશન પર ગેબિયન વોલનું કામ ટૂંક સમયમાં શરૂ થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

સંસ્કારી નગરી વડોદરામાં વિશ્વામિત્રી નદીના કિનારે રક્ષણાત્મક ગેબિયન વોલ બનાવવાની દિશામાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. લાંબા સમયથી ગ્રાન્ટના અભાવે અટકેલી આ કામગીરી માટે આખરે તંત્ર દ્વારા 35.77 કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે. આ નિર્ણય સાથે જ હવે નદી કિનારે પૂર નિયંત્રણ માટેની કામગીરીમાં ગતિ આવવાની શક્યતા છે. વિશ્વામિત્રી નદીમાં પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને રચાયેલી વિશેષ કમિટી દ્વારા નદીના કાંઠે ગેબિયન વોલ બનાવવાનું સૂચન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રોજેક્ટ અંદાજે 89 કરોડનો છે, જેના માટે ગત વર્ષે જ વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યો હતો. જોકે, ગ્રાન્ટ ઉપલબ્ધ ન હોવાને કારણે છેલ્લા છ મહિનાથી વધુ સમયથી આ કામગીરી શરૂ થઈ શકી નહોતી. હવે અડધી ગ્રાન્ટ એટલે કે 35.77 કરોડ મંજૂર થતા પાલિકાના 'ફ્યુચરિસ્ટિક સેલ' દ્વારા કામ શરૂ કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. વિશ્વામિત્રી નદી પર કુલ 24 જેટલા વિવિધ લોકેશન પર આ ગેબિયન વોલ બનાવવાનું આયોજન છે. આ વોલ નદીના કિનારાનું ધોવાણ અટકાવશે અને પૂર સમયે પાણીના પ્રવાહને નિયંત્રિત કરવામાં મદદરૂપ થશે. ચોમાસું નજીક હોવાથી આ કામગીરી સમયસર પૂર્ણ કરવી અનિવાર્ય બની છે જેથી વડોદરાવાસીઓને પૂરના જોખમથી રાહત મળી શકે.

વિશ્વામિત્રીના કિનારે રક્ષણાત્મક કવચ: 24 લોકેશન પર બનશે ગેબિયન વોલ

વડોદરાના પૂર વ્યવસ્થાપન માટે 89 કરોડના ખર્ચે વિશ્વામિત્રી નદી પર ગેબિયન વોલ બનાવવાની યોજના હવે પાટા પર ચડી છે. તંત્ર દ્વારા પ્રથમ તબક્કા માટે 35.77 કરોડની